અંકલેશ્વરની કેમેક્ષ કંપનીમાં ભીષણ આગ

દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા નજરે પડ્યા

બાજુનાં એકમો પણ ઝપટે આવ્યાં

અંકલેશ્વરઃ અંકલેશ્વર ઔધોગિક વસાહતમાં આવેલી કેમેક્ષ લિમિટેડ કંપનીમાં બુધવારે સવારે ભીષણ આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. આગ બાજુમાં આવેલા એકમમાં પણ પ્રસરી ગઈ હતી.

અંકલેશ્વર ઔધોગિક વસાહતમાં અનેકવાર આગના બનાવો બને છે. ત્યારે બુધવારે ફરી એકવાર આગનો વધુ એક બનાવ સામે આવ્યો હતો. અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ કર્માતુર ચોકડી નજીકની કેમેક્ષ કંપનીમાં બુધવારે સવારે સાડા દસ વાગ્યાના ગાળામાં એકાએક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી નજરે પડ્યા હતા. જેના કારણે દોડધામ મચી ગઈ હતી.

બનાવની જાણ થતાની સાથે જ અંકલેશ્વર ડીપીએમસીના ફાયર ફાઈટરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગ પર કાબૂ મેળવવા પ્રયત્નો શરૂ કર્યા હતા. જો કે, આ આગે વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બાજુમાં આવેલી અન્ય એક કંપનીને પણ આગની ઝપેટમાં લીધી હતી. જેના કારણે પરિસ્થિતિ વધુ વિકટ બની હતી.

અંકલેશ્વર, પાનોલી, ઝઘડિયા સહિતની વસાહતોમાંથી લગભગ ૧૪ જેટલા ફાયર ફાઈટરે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ બનાવવામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

મીણ બનાવતી કેમેક્ષ કંપનીમાં સ્પાર્ક થવાને કારણે આગ લાગી હતી. જે બાદમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં આસપાસની અન્ય ઉદ્યોગ એકમોના સંચાલકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જો કે, આગ કેમેક્ષ કંપનીની બાજુમાં આવેલા એગ્રો કેમિકલ યુનિટ સેન્સો એગ્રીટેક પ્રા. લિમિટેડને પણ ઝપેટમાં લઇ લીધી હતી. તેમાં પણ મોટું આર્થિક નુકસાન પહોંચ્યું હતું. આગના બનાવ અંગેની જાણ થતાં પ્રાંત અધિકારી, મામલતદાર, પોલીસ અધિકારીઓ, જીપીસીબી સહિત સ્થાનિક ઉદ્યોગ નેતાગીરી ઘટના સ્થળે દોડી ગઈ હતી.

અત્રે નોંધવું ઘટે કે, અંકલેશ્વર-પાનોલી વચ્ચેના નેશનલ હાઈવે ઉપર સતત બીજા દિવસે પણ ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. પરિણામે પાનોલી જીઆઈડીસીના ફાયર બ્રિગેડને અંકલેશ્વર પહોંચતા વ્યાપક વિલંબનો સામનો કરવો પડ્યો હતો, પરિણામે આગની શરૂઆતમાં અગ્નિશમનની પ્રક્રિયામાં મોડું થયું હતું.

હાંસોટ રોડ પર કારમાં આગ લાગી, ચાલકનો આબાદ બચાવ

ભરૂચઃ હાંસોટના કતપોર અને વધવાણ ગામ વચ્ચેથી પસાર થતાં એક કારમાં આગ ભભૂકી ઊઠી હતી. જો કે, સદનસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ આગમાં કાર બળીને ખાક થઈ ગઈ હતી. મંગળવારે ભરૂચના કેબલ બ્રિજ પરથી પસાર થતી કારમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી, જેમાં કારચાલકે સમયસૂચકતા વાપરી ગાડીને ઊભી રાખીને બહાર નીકળી જતાં આબાદ બચાવ થયો હતો. પરંતુ કાર આગમાં બળીને ખાક થઈ ગઈ હતી. જ્યારે આવો જ એક બીજો બનાવમાં કારચાલક સાંજના સમયે હાંસોટ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. એ સમયે તે કતપોર અને વધવાણ ગામ વચ્ચે પહોંચતા કારમાં આચનક આગ ભભૂકી ઊઠતાં તે કાર થંભાવી બહાર નીકળી જતાં તેનો પણ આબાદ બચાવ થયો હતો. આ ઘટનામાં આગ એટલી વિકરાર હતી કે આગમાં કાર બળીને ખાક થઈ ગઈ હતી. જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઇ ન હતી.

ભરૂચ ત્રણ 'ખ', ખારીસીંગ, ખમણ અને ખાડા તરીકે પ્રખ્યાત છે: વિપક્ષ

ભરૂચ પાલિકાની સામાન્ય સભા તોફાની બની

ડોર ટુ ડોર ગાર્બેજ અને રખડતાં ઢોર મામલે શાસકોને ઘેરવાનો પ્રયાસ કર્યો

ભરૂચઃ ભરૂચ નગરપાલિકાની સામાન્ય સભા પાલિકા પ્રમુખની અધ્યક્ષતા યોજાઈ હતી, જેમાં કુલ ૫૭ કામને મંજૂરી માટે મૂકવામાં આવ્યાં હતાં. શાસક અને વિપક્ષના વચ્ચે ડમ્પિંગ સાઈડ, માર્ગો પર અડિંગો જમાવી દેતા પશુઓ, બિસમાર રસ્તા મુદ્દે સામસામે માથાકૂટ થઈ હતી. ત્યાર બાદ તમામ કામોને સભાએ મંજૂરી આપી હતી.

ભરૂચમાં લોકસભાની ચૂંટણી બાદ પ્રથમ વખત નગરપાલિકાની સામાન્ય સભા મળી હતી. હાલમાં ચોમાસું ચાલી રહ્યું હોવાથી નગરમાં તમામ વિસ્તારોમાં રખડતાં ઢોરથી લોકો પરેશાન થઇ ગયાં છે. પશુઓને રખડતાં મૂકી દેનારા પશુપાલકો સામે કડક કાર્યવાહી કરવામાં પાલિકા સત્તાધીશો સદંતર નિષ્ફળ રહ્યા છે. તેમજ એક સપ્તાહથી શહેરમાંથી નીકળતાં કચરાનો નિકાલ અટકી જતાં શહેર નર્કાગાર બની ગયું છે. ડોર ટુ ડોર ગાર્બેજ સેવા ખોરવાઇ ચૂકી છે અને ૫૦૦ ટનથી વધારે કચરાનો નિકાલ અટકી ગયો છે. મોટા ભાગની કચરાપેટીઓ ઊભરાઇ ચૂકી હોવાથી કચરો રસ્તા પર આવી ગયો છે. ચોમાસાના પ્રારંભે જ શહેરના રસ્તા પર ખાડા પડી જતાં વાહન ચલાવવું પણ મુશ્કેલ બની ગયું છે.

બુધવારના રોજ મળેલી નગરપાલિકાની સામાન્ય સભા શરૂ થાય એ પહેલાં વિપક્ષના નેતા સમસાદઅલી સૈયદ સહિતના સભ્યોએ હાથોમાં પ્લેકાર્ડ સાથે સભા પ્રવેશી અનોખો વિરોધ નોધાવ્યો હતો, જેમાં તેમને ભરૂચના ત્રણ "ખ" પ્રખ્યાત છે એક ખારીસીંગ, ખમણ અને ખાડાનાં સૂત્રો સાથે પક્ષ-વિપક્ષ વચ્ચે શહેરના તમામ વિસ્તારોમાં રખડતાં પશુઓ રખડતાં મૂકી દેનારા પશુપાલકો સામે કડક કાર્યવાહી કરવામાં તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ સેવા ખોરવાઇ ગઈ છે અને ૫૦૦ ટનથી વધારે કચરાનો નિકાલ અટકી ગયો છે. મોટા ભાગની કચરાપેટીઓ ઊભરાઇ ચૂકી હોવાથી કચરો રસ્તા પર આવી ગયો છે. ચોમાસાના પ્રારંભે જ શહેરના રસ્તા પર ખાડાઓના કારણે શહેરીજનોને પડતી તકલીફો તું તું મેં મેંનાં દૃશ્યો સર્જાયાં હતાં. જો કે, આખરે આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા શાસક પક્ષે જણાવતાં તમામ ૫૭ કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં.

સંક્ષિપ્ત સમાચાર

તેન હાઈસ્કૂલ અને આશ્રમશાળાનાં બાળકોને યુનિફોર્મ અને શૈક્ષણિક કિટનું વિતરણ

બારડોલીઃ બારડોલીના તેન ખાતે આવેલ સુરત-વલસાડ જિલ્લા રોહિત કેળવણી મંડળ, બારડોલી સંચાલિત યુ.કે.આર.કે. સેવા સમાજ શાળા અને ડી. આર. ચૌહાણ ઉ.મા. શાળા તથા સરદાર કુમાર છાત્રાલય અને ડી. આર. ચૌહાણ કન્યા છાત્રાલયના વિદ્યાર્થીઓને દાતા અને સમારંભના અધ્યક્ષ સમૃદ્ધ દૃષ્ટિ ફાઉન્ડેશન સ્થાપક અધ્યક્ષ જિગર નિરંજન પટેલ (ધામડોદ-લુંભા) તરફથી જરૂરિયાતમંદ ગરીબ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને કુલ 210 જોડી સ્કૂલ યુનિફોર્મનું વિતરણ તથા વાત્સલ્ય એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી 36 માતા-પિતા વગરનાં બાળકોને શૈક્ષણિક કિટ (દફતર, નોટબુક, પાણીની સ્ટીલ બોટલ, પાઉચ) અર્પણ કરવામાં આવી હતી. પ્રકાશભાઈ વ્યાસ, ગણેશભાઈ બદાડે, રવીશ દેસાઈ, પરિમલ પટીયાર, વિજયસિંહ સોલંકી તથા સંસ્થાના પ્રમુખ રાજેન્દ્ર સોલંકી, હિરેન રોહિત, આચાર્ય કિરણસિંહ ગોહિલ, ટ્રસ્ટીઓ, શિક્ષકો, ગૃહમાતા, ગૃહપતિ સહિત બાળકો આગેવાનોએ હાજર રહી દાતા જિગરભાઈ પટેલ તથા વાત્સલ્ય ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.

સાગબારાની સરકારી આર્ટસ કોલેજમાં સેમિનાર

રાજપીપળાઃ સાગબારામાં સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેના માર્ગદર્શન હેઠળ સાગબારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતી સરકારી વિનયન કોલેજ - સાગબારા ખાતે સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા સેમિનાર યોજાયો હતો, જેમાં બેંક ઓફ બરોડા-સાગબારાના બ્રાન્ચ મેનેજર નીલેશકુમાર તથા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા બ્રાન્ચ સાગબારામાંથી કલ્પનાબેન, કોલેજના વિદ્યાર્થીઓ તથા નાગરિકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. આ સેમિનાર દરમિયાન વ્યાજખોરો પાસેથી વ્યાજ નહીં લેવા તેમજ વધુમાં વધુ સરકારી બેંકોનો નાણાકીય વ્યવહારો માટે ઉપયોગ કરવા અંગે વિસ્તૃતમાં જાણકારી આપવામાં આવી હતી. વ્યાજખોરો દ્વારા ખોટી રીતે નાગરિકોને કનડગત કરવામાં આવે તો તેની જાણ પોલીસ સ્ટેશને કરવા અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

ફાઇનાન્સ કંપનીને આપેલો 5 લાખનો ચેક રિટર્ન થતાં આરોપીને બે વર્ષની કેદ

બારડોલીઃ માંગરોળના ઝંખવાવના મામા ફળિયામાં રહેતા રફીક મોહમદ હનીફ વરાછીયાએ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઇનાન્સ કંપની લિ.ની માંડવી શાખામાંથી ટ્રક ખરીદવા માટે 9,68,268 રૂપિયાની લોન લીધી હતી. જેના હપ્તા નિયમિત રીતે ભરાતા ન હોવાથી બાકી હપ્તાની લેણી રકમ વધી જતાં આરોપી રફીકે બાકી નીકળતી રકમ 5 લાખનો ચેક ફાઇનાન્સ કંપનીને આપ્યો હતો. જે ચેક કંપનીએ તા.10/12/2021ના રોજ બેન્કમાં નાંખ્યો હતો. જે અપૂરતી સિલકના કારણે રિટર્ન આવ્યો હતો. ચેક રિટર્ન આવતાં કંપની દ્વારા આરોપીને લીગલ નોટિસ મોકલવામાં આવી હતી. તેમ છતાં રકમ ચૂકવી ન હતી. આ અંગે બારડોલી કોર્ટમાં કેસ ચાલી જતાં પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મોહિતકુમાર શાહે આ ચેક રિટર્ન કેસમાં આરોપી રફીકને તકસીરવાન ઠેરવ્યો હતો અને તેને બે વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. તેમજ વળતર પેટે ફરિયાદી કંપનીને 5 લાખ ચૂકવવા અને ન ચૂકવે તો વધુ 6 માસની સખત કેદની સજાનો હુકમ કર્યો હતો.

રાજપીપળાની શાળામાં વિતરણ કર્યા વિના અસંખ્ય સાઇકલ્સ પડી રહી છે

રાજપીપળાઃ રાજપીપળામાં શાળામાં વિદ્યાર્થીઓને વિતરણ કરવાની સાઇકલ્સ ભરેલો ટેમ્પો ભંગારીના ગોડાઉન માંથી પોલીસે જપ્ત કર્યા બાદ આજેય આદર્શ નિવાસી શાળાના કમ્પાઉન્ડમાં 500થી વધુ વિતરણ કર્યા વિનાની સાઇકલ્સનો જથ્થો હોવાની વાત બહાર આવતાં શૈક્ષણિક વર્તુળોમાં આ બનાવ ચર્ચાનો વિષય બન્યો છે.

પબ્લિક સેફ્ટીની તો વાત જ જવા દો ભરૂચમાં પોલીસકર્મીની બાઇક ચોરાઈ

નર્મદા મૈયા બ્રિજ પર ટ્રાફિક નિયમન માટેનો કોલ આવતાં ભરૂચ બ્રિજના કટ પાસેની ખુલ્લી જગ્યામાં બાઇક પાર્ક કરી હતી

ભરૂચઃ ભરૂચમાં એક ચર્ચાસ્પદ અને હાસ્યાસ્પદ કિસ્સો બન્યો છે, જેમાં ચોર-લુંટારાઓથી રક્ષા કરનાર પોલીસની જ બાઇક ચોરાઈ જતાં લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે. સી-ડિવિઝન પોલીસમથકમાં ફરજ બજાવતા પોલીસકર્મી નર્મદા મૈયા બ્રિજ પર ફરજ બજાવવા જતાં ત્યાં તેમની બાઇક ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે.

ભરૂચમાં સી-ડિવિઝન પોલીસમથકમાં ફરજ બજાવતા 44 વર્ષિય પોલીસકર્મી ગુલાબસિંગ ભારજી વસાવાએ પોતાની જ બાઈક ચોરાવા અંગેની ફરિયાદમાં નોંધાવ્યું છે કે, તા.24-7-2024ના રોજ સાંજના સમયે તેમને પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. દ્વારા નર્મદા મૈયા બ્રિજ પર ટ્રાફિક નિયમન માટે ફરજ પર જવાનો કોલ આવ્યો હતો. જેની ડ્યૂટી માટે તેઓ પોતાની માલિકીની બાઈક લઈને નર્મદા મૈયા બ્રિજ પર ગયા હતા. અંકલેશ્વર તથા ભરૂચના બ્રિજના કટ પાસેની ખુલ્લી જગ્યામાં તેઓએ બાઈક પાર્ક કરી હતી. જે બાદ ટ્રાફિક નિયમનની ડ્યૂટી બજાવી હતી. જે બાદ ફરજ પતાવી રાત્રિના સમયે પોતાના ઘરે જવા માટે રવાના થતી વેળા તેમને બ્રિજના કટ પાસે પોતાનું બાઈક મળી આવ્યું ન હતું. તેમણે પોતાની રીતે શોધખોળ ચલાવી હતી, જેમાં સફળતા ન મળતાં આખરે ભરૂચ સી-ડિવિઝનમાં પોતાની માલિકીની હીરો કંપનીની પેશન-પ્રો ગાડી રજિસ્ટર નં.(GJ 22-L-2387) ચોરાઈ જવા બાબતે ફરિયાદ નોંધાવી છે. તેમણે પોલીસ તંત્રને તાત્કાલિક અસરથી કામગીરી કરી બાઈક ચોરી કરનાર શખ્સોને ઝડપી પાડવા પણ ફરિયાદમાં જણાવ્યું છે.

કઠોદરામાં રિપેરિંગ માટે આવેલા પ્લમ્બરને પડોશીએ હોકીથી ફટકાર્યો

'અહીં કેમ કામ કરો છો' એવું કહેતાં પ્લમ્બરે બનેવીને બોલાવતાં બબાલ થઈ હતી

કામરેજઃ કઠોદરાની સ્વામીનારાયણ સોસાયટીમાં મકાનનું રિપેરિંગ કરવા ગયેલા ઈસમને પડોશીએ હોકીની સ્ટીક વડે ફટકાર્યો હતો.

મૂળ અમરેલીના મેછડીના વતની અને હાલ કામરેજના કઠોદરા ગામે શાંતિનિકેતન સોસાયટીમાં મકાન નં.૪માં હરેશ બાબુભાઈ સાવલિયા રહે છે. મંગળવારે કઠોદરામાં જ રહેતા બનેવીના મોટાભાઈ રતિભાઈ ગીરધરભાઈ દેવાણીના સ્વામીનારાયણ સોસાયટી, કઠોદરાના મકાન નં.71માં પ્લમ્બિંગ તેમજ પ્લાસ્ટરનું રિપેરિંગ કરવા ગયા હતા. સાંજે 7 કલાકે રતિભાઈ અને બાજુના મકાન નં.72ના આગળ ગટરનું ઢાંકણનું પ્લાસ્ટરનું કામ કરતા હતા ત્યારે મકાન નં.72માં રહેતાં ભારતીબેને આવીને અહીં કેમ કામ કરો છો તેવું કહી હરેશ સાથે બોલવા લાગતાં હરેશે બનેવીને ફોન કરીને બોલાવ્યા અને મકાન નં.72માં રહેતા પરેશ વલ્લભ પાંચાણી તેમજ પુત્ર રીપલ, સોસાયટીમાં રહેતા વિપુલ રતિલાલ વઘાસીયાએ આવીને તથા પરેશ પાંચાણીએ હોકીની સ્ટીક લઈ આવી સીધો હરેશને માર માર્યો હતો. બૂમાબૂમ કરતાં સોસાયટીમાં રહેતી મહિલાઓએ બચાવી લીધો હતો. માર મારતાં કાનના ભાગે ઈજા થતાં ત્રણ ટાંકા આવ્યા હતા. બાદ કામરેજ પોલીસમથકમાં પરેશ પાંચાણી સામે ફરિયાદ નોંધાવી હતી.

જૂની પેન્શન યોજના બાબતે મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને શિક્ષણમંત્રીને રજૂઆત

સાયણઃ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા છેલ્લા કેટલાંક સમયથી જૂની પેન્શન યોજના સહિતના પડતર પ્રશ્નો બાબતે આંદોલન કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતાં ગતરોજ સતત ચોથી ટર્મ માટે પ્રમુખ પદને વરેલા દિગ્વિજયસિંહ જાડેજા તથા નવનિયુક્ત મહામંત્રી જૈમિન પટેલ સહિત રાજ્ય સંઘનાં હોદ્દેદારોએ સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજ્ય કક્ષાના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી, કેબિનેટ કક્ષાના શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર તથા રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાને આવેદનપત્ર રજૂ કર્યુ હતું.

ભરૂચમાં આશા બહેનોના પ્રશ્નો બાબતે આવેદન

ભરૂચઃ આશા બહેનોને સમયસર પગાર ભથ્થું ચૂકવવામાં ન આવતાં અને પીએમવીવાયના રૂપિયા પણ ન મળતાં હોવાથી ભરૂચ જિલ્લા આશા કર્મચારી સંઘના પ્રમુખ સાજેદ પટેલ દ્વારા કેન્દ્રીય આરોગ્ય મંત્રીને સંબોધીને ભરૂચના કલેક્ટર સમક્ષ લેખિત આવેદનપત્ર પાઠવ્યું હતું. આશા બહેનો આખો મહિનો કામ કરવા હોવા છતાં તેઓને માત્ર ૨૪ દિવસનું જ પગાર ભથ્થું ચૂકવાય છે, જેમાં કામગીરીના દિવસો ૩૦ કરવા રજૂઆત કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા આજદિન સુધી તેઓને ૫૦ ટકા ઈન્સેન્ટિવ ચૂકવણું બાકી છે સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે.

ઉંભેળમાં ભાડાની દુકાન ખાલી નહીં કરનારા સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો

અડાજણના છગન પટેલે ચલથાણના મનીષ આશરને દુકાન ભાડે આપી હતી

કામરેજઃ ઉંભેળ પાસે સોહમ બિલ્ડિંગમાં ભાડે આપેલી દુકાન ભાડુઆતે ખાલી ન કરતાં માલિકે ભાડુઆત સામે લેન્ડ ગ્રેંબિગની ફરિયાદ નોંધાવી હતી.

સુરતના અડાજણ લેક ગાર્ડનની બાજુમાં વીરએઝટીકા એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં.એ-2-1105-06માં છગનભાઈ અરજણભાઈ પટેલ રહે છે. કામરેજના ઉંભેળ ગામની હદમાં બ્લોક નં.425 વાળી જમીન પર બનાવેલા સોહમ બિલ્ડિંગના પ્રથમ માળે દુકાન નં.101 સહિત અન્ય દુકાનો પોતાની માલિકીની છે. દુકાન નં.101 સાત વર્ષથી મનીષ વિજયસિંહ આશર (રહે.,208, રાજ કોમ્પ્લેક્સ, ચલથાણ, તા.પલસાણા)ને 11 માસના ભાડા કરારથી આપી હતી.

દર વર્ષે ભાડા કરાર કરી આપતા હતા. હાલ વર્ષ-2024માં દુકાનની જરૂરિયાત ઊભી થતાં મનીષભાઈને દુકાન ખાલી કરવા માટે જણાવતાં દુકાન ખાલી કરી ન હતી. આખરે વકીલ દ્વારા નોટિસ પણ મોકલવામાં આવી હતી. છતાં પણ ખાલી ન કરતાં આખરે કલેક્ટરમાં ફરિયાદ કરતાં ગુનો દાખલ કરવાનો હુકમ કરવામાં આવતાં કામરેજ પોલીસે છગનભાઈ પટેલની ફરિયાદ લઈ લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આમોદમાં ટ્રાન્સફોર્મર પર ચઢેલો વાનર કરંટ લાગતાં ચોંટી ગયો

સ્થાનિક લોકોએ વાંસથી નીચે ઉતારી જીવ બચાવ્યો

ભરૂચઃ આમોદ ચાર રસ્તા ઉપર આવેલા બરફના કારખાના પાસે વીજ ટ્રાન્સફોર્મરના થાંભલા ઉપરના વીજ તારને અડી જતાં બુધવારે એક કપિરાજને જોરદાર વીજ કરંટનો ઝટકો લાગ્યો હતો.

કપિરાજને પેટના ભાગે કરંટ લાગતાં તે ઈજાગ્રસ્ત બન્યો હતો. તે વીજ તાર ઉપરથી છૂટીને વીજ ટ્રાન્સફોર્મર ઉપર પડ્યો હતો. કપિરાજને કરંટ લાગતાં તે દર્દથી કણસતો હતો. ત્યારે સ્થાનિકોની નજર પડતાં તેમણે દયા દાખવી વાંસની મદદથી કપિરાજને નીચે ઉતારી જીવ બચાવ્યો હતો.

જો કે, લોકોએ કણસતા કપિરાજ ઉપર પાણીનો છંટકાવ કર્યો હતો. જો કે, કપિરાજ થોડો સ્વસ્થ થતાં ત્યાંથી દોડીને ભાગી ગયો હતો.

બાળકને પોતાની રીતે ખીલવા દો તો જ ઉત્તમ નાગરિક બની શકે: દેવાંશી જોશી

અંકલેશ્વરમાં જનની ચિંતન સભામાં 'બાળકો અને વાલી સાથે સંવાદ" વિષય પર વક્તવ્ય

ભરૂચ, અંકલેશ્વરઃ "બાળકને પહેલી વખત માર માર્યા બાદ અફસોસથી પોતાની મમ્મી રડતી હોય છે. પોતાની માં બાળકને વિશ્વ માનવ બનાવી શકે એવું ઘડતર કરતી હોય છે. "આ શબ્દો પત્રકાર અને વક્તા દેવાંશી જોશીએ અંકલેશ્વર GIDCમાં જનની ચિંતન સભાના કાર્યક્રમમાં કહ્યા હતા.

અંકલેશ્વર GIDC ડાયમંડ થિયેટરમાં વર્ષોથી ચાલતી જનની ચિંતન સભામાં "વિવિધ વયનાં બાળકો અને વાલી સાથે સંવાદ" વિષય પર દેવાંશી જોશીએ જણાવ્યું હતું કે, ભરૂચ જિલ્લો દેશના બંધારણના ઘડવૈયામાંના એક અને ભૃગુઋષિના પનોતાપુત્ર ક.મા.મુનશી આજે આપણે તેમને પહેલા યાદ કરવા પડે. કોઈપણ સ્ત્રીને પ્રસવની પીડા થાય ત્યારે અસહ્ય સહન કરતી હોય છે. પણ જ્યારે બાળકનું અવતરણ થાય ત્યારે એ જ સ્ત્રીમાં હાસ્ય હોય છે. માતામાં બાળકનું સર્જન કરવાની તાકાત હોય છે. કોઈપણ બાળક બાળપણમાં હોય ત્યારે પોતાની માતા જ લાડ લડાવે એ સ્વાભાવિક છે અને દરેક બાળકને ડર વહેલા કરાવવાથી આખી જિંદગી મૂંઝવણમાં રહે છે. જેને લઈ બાળકને પોતાની રીતે ખીલવા દો તો જ ઉત્તમ નાગરિક બની શકશે. દરેક બાળકને માતા-પિતા સાથેના સારા સંબંધો બાંધવામાં શાળાઓનો મોટો રોલ હોય છે. આપણું ગુજરાત તો "નરસૈયાનું ગુજરાત" છે એમ બેધડક કહી શકીએ છીએ.

આ પ્રસંગે સંસ્કારદીપ ટ્રસ્ટના પ્રમુખ એન.કે.નાવડિયા, મંત્રી હિતેનભાઈ આણંદપુરા, ઉદ્યોગપતિ ચંદ્રેશભાઈ દેવાણી, ચંદુભાઈ કોઠિયા, મહેશભાઈ પટેલ, મહંમદભાઈ જાદલીવાલા, પ્રવીણ તરૈયા સહિતના મોટી સંખ્યાઓમાં અંકલેશ્વર GIDCની જનનીઓ ઉપસ્થિત રહી હતી.

ભરૂચના અગ્રણી હરીશ જોષીનું એફબી એકાઉન્ટ એક માસમાં ચોથી વખત હેક

નકલી પ્રોફાઇલ બનાવી સાયબર ગઠિયાઓએ પૈસાની માંગ કરતાં ફરિયાદ

ભરૂચઃ ભરૂચ-અંકલેશ્વરના સામાજિક, ઔદ્યોગિક અગ્રણી ભૂતપૂર્વ પ્રમૂખ ભરૂચ ડિસ્ટ્રિક્ટ મેનેજમેન્ટ એસોસિએશન અને ભારત સરકારની નવરત્ન કંપની એન્જિનિયર ઈન્ડિયા લિમિટેડના ડિરેક્ટર હરીશભાઈ જોષીનું નકલી ફેસબુક એકાઉન્ટ બનાવી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી પૈસાની માંગ કરતાં અજાણ્યા સાયબર ક્રિમિનલ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

ગત જૂન મહિનાથી સતત ચાર કરતાં વધુ ફેક પ્રોફાઈલ ઉપર મુખ્યમંત્રી સહિત અનેક મહાનુભાવો સાથેના ફોટા કોપ કરી આબેહૂબ પ્રોફાઇલ બનાવી લોકોને ગેરમાર્ગે દોરી પહેલા ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી પછી તાત્કાલિક પૈસાની જરૂર હોવાથી gpayથી 5000થી 25,000 રૂપિયા મોબાઈલ નં.9648584056 ઉપર ટ્રાન્સફર કરવા મેસેજ કરાયો અને હરીશભાઈ જોષીના અનેક ફ્રેન્ડ્સ અને ફોલોઅર્સને રિક્વેસ્ટ મોકલતાં મિત્રોએ જાણ કરી હતી. આવું ભૂતકાળમાં ચારવાર બની ચૂક્યું હતું અને આ અંગે તા.26 જૂને સાયબરમાં ફરિયાદ કરી હતી. આ અંગે હરીશભાઇ જોષીએ કેન્દ્રીય ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવને પણ ઇ-મેઇલ દ્વારા ભારપૂર્વક રજૂઆત કરી છે.